# બાયડ તાલુકાની ૬૪ ગ્રામ પંચાયતની સીટનો પ્રકાર જાહેર

## સરપંચ સીટો અનામત આવતાં અનેક ગ્રામ પંચાયતોની પ્રજા દ્વારા વિરોધ શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫
અરવલ્લી કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા રાજ્ય ચૂંટણી આયોગના નિર્દેષ પ્રમાણે ગ્રામ પંચાયતના સરપંચના હોદ્દા તથા વોર્ડોની બેઠકની અનામત સહિતની વારાફરતી ફાળવણી કરવા અંગેની સૂચના અન્વયે બાયડ તાલુકામાં સરપંચની કુલ બેઠક પૈકી અનામત બેઠકો અનુસૂચિત, અનુસૂચિત આદિજાતિ તથા ઓ.બી.સી. અને બિનઅનામત સામાન્ય બેઠકો વારાફરતી ફાળવણી કરવા આદેશ કરવાની સાથે જ બાયડ તાલુકાના અનેક ગામડાઓમાં સરપંચ સીટો અનામત આવતાં કકળાટ સહિતનો વિરોધ શરૂ થયો છે.

પાછલા વર્ષોમાં ગામડામાં મતદાર ન હોય તો પણ આવી સીટો સરપંચ અને વોર્ડ માટે અનામત આવતી હતી જેના કારણે ચૂંટણી યોજાય તો પણ સરપંચ તેમજ વોર્ડ બેઠકો ખાલી રહેતી હતી. કેટલાક કિસ્સાઓમાં આવી ગ્રામ પંચાયત સમરસ જાહેર થવાની હોય તો પણ અનામત ઉમેદવાર ન હોવાના કારણે ગ્રામ પંચાયતોને સમરસનો લાભ ગુમાવવાનો વારો આવ્યો હતો. જિલ્લામાં મુદત પૂર્ણ કરતી પંચાયતોની આગામી ડિસેમ્બર-૨૦૨૧ કાં તો જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૨૨માં સામાન્ય ચૂંટણી યોજાવવાની છે. બાયડ વિધાનસભા મતક્ષેત્ર કોંગ્રેસનો ગઢ ગણાય છે. પેટાચૂંટણીમાં પણ કોંગ્રેસનો પાતળી સરસાઈથી વિજય થયો હતો ત્યારે ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી વર્ષ-૨૦૨૨માં યોજાનારી વિધાનસભાની સામાન્ય ચૂંટણી પહેલાંની સેમીફાઈનલ તરીકે ગણવામાં આવે છે. બાયડ તાલુકાની રડોદરા ગ્રામ પંચાયતમાં સરપંચ પદની સીટ અનુસૂચિત જાતિ સ્ત્રી આવતાં વિરોધ શરૂ થયો છે અને આ અંગે રાજ્ય ચૂંટણી આયોગને રજૂઆત કરવાનો સ્થાનિક ગ્રામજનો દ્વારા નિર્ણય કરાયો છે. રડોદરા સહિત અન્ય ગ્રામ પંચાયતોમાં પણ જ્યાં અનામત સરપંચ પદની સીટ આવી છે ત્યાં અત્યારથી કકળાટ જોવા મળ્યો છે.

| પંચાયત | સરપંચની સીટ | પંચાયત | સરપંચની સીટ |
|---|---|---|---|
| અહમદપુરા | સામાન્ય સ્ત્રી | છભૌ | બિનઅનામત સામાન્ય |
| અજબપુરા | સામાન્ય સ્ત્રી | ધરમડીવાંટા | બિનઅનામત સામાન્ય |
| અલવા | સામાન્ય સ્ત્રી | ફાંટાધીરપુરા | બિનઅનામત સામાન્ય |
| અમરગઢ | સામાન્ય સ્ત્રી | ગાબટ | બિનઅનામત સામાન્ય |
| આંબલિયારા | સામાન્ય સ્ત્રી | ગણેશપુરા | બિનઅનામત સામાન્ય |
| અમિયાપુર | સામાન્ય સ્ત્રી | પીપોદરા | બિનઅનામત સામાન્ય |
| આમોદરા | સામાન્ય સ્ત્રી | પ્રાંતવેલ | બિનઅનામત સામાન્ય |
| ભુડાસણ | સામાન્ય સ્ત્રી | રમાસ | બિનઅનામત સામાન્ય |
| ડાભા | સામાન્ય સ્ત્રી | રણેચી | બિનઅનામત સામાન્ય |
| દહેગામડા | સામાન્ય સ્ત્રી | રૂપનગર | બિનઅનામત સામાન્ય |
| દખણેશ્વર | સામાન્ય સ્ત્રી | સાઠંબા | બિનઅનામત સામાન્ય |
| દેરોલી | સામાન્ય સ્ત્રી | સીમલજ | બિનઅનામત સામાન્ય |
| ગોતાપુર | સામાન્ય સ્ત્રી | ઉંટરડા | બિનઅનામત સામાન્ય |
| હઠીપુરા | સામાન્ય સ્ત્રી | વજેપુરાકંપા | બિનઅનામત સામાન્ય |
| ઈન્દ્રાણ | સામાન્ય સ્ત્રી | વાંટડાબાયડ | બિનઅનામત સામાન્ય |
| જાલમપુરા | સામાન્ય સ્ત્રી | વસાદરા | બિનઅનામત સામાન્ય |
| જીતપુર | સામાન્ય સ્ત્રી | વાસણામોટા | બિનઅનામત સામાન્ય |
| જુનવાડા | સામાન્ય સ્ત્રી | વાસણી | બિનઅનામત સામાન્ય |
| લાલપુરમોટા | સામાન્ય સ્ત્રી | વાસણીરેલ | બિનઅનામત સામાન્ય |
| લાંક | સામાન્ય સ્ત્રી | વાત્રકગઢ | બિનઅનામત સામાન્ય |
| મોતીપુરા | સામાન્ય સ્ત્રી | ઝાંખરીયા | બિનઅનામત સામાન્ય |
| મુનજીનામુવાડા | સામાન્ય સ્ત્રી | તાલોદ | અનુસૂચિત જાતિ સામાન્ય |
| તેનપુર | સામાન્ય સ્ત્રી | પટેલનામુવાડા | અનુસૂચિત જાતિ સામાન્ય |
| ટોટું | સામાન્ય સ્ત્રી | ઓઢા | ઓ.બી.સી. સ્ત્રી |
| વારેણાબોરટીંબા | સામાન્ય સ્ત્રી | ચાંદરેજ | ઓ.બી.સી. સ્ત્રી |
| આંબાગામ | બિનઅનામત સામાન્ય | છાપરીયા | ઓ.બી.સી. સ્ત્રી |
| બાદરપુરા | બિનઅનામત સામાન્ય | ચોઈલા | ઓ.બી.સી. સામાન્ય |
| ભૂખેલ | બિનઅનામત સામાન્ય | દેરોલી | ઓ.બી.સી. સામાન્ય |
| બીબીનીવાવ | બિનઅનામત સામાન્ય | દેસાઈપુરા | ઓ.બી.સી. સામાન્ય |
| બોરડી | બિનઅનામત સામાન્ય | લીંબ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| બોરોલ | બિનઅનામત સામાન્ય | રડોદરા | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| | | સરસોલી | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |

### જન્માષ્ટમીના તહેવારો છતાં ઘરાકી દેખાતી નથી

# વેપારીની પીડા કોણ જાણે : જિલ્લામાં દુકાનો આગળ ભીડ જામે પરંતુ ખરીદીમાં ઉદાસીનતા

## વેપાર ઘટતાં વેપારીઓની સી.સી. લોનને ફટકો પડવાની દહેશત, માંડ ૪૦ ટકા ધંધો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫
અનલૉક પછી દુકાનો મોંડે સુધી ખુલ્લી રાખવાની છૂટ આપી છે. પરંતુ કોરોના પછી હવે વરસાદ ખેંચાતાં જન્માષ્ટમીના તહેવારો શરૂ થયા છતાં ઘરાકી દેખાતી નથી. હવે પરિસ્થિતિ એ છે કે વેપારીની દુકાનો આગળ ભીડ જોઈને કોઈને એમ લાગે કે વેપારી કમાઈ ગયા પરંતુ ભીડ ઉમટે છે ખરીદીમાં ઉદાસીનતા જોવા મળે છે વેપારીઓની આ પીડા સરકાર સમજશે ખરી..?? વેપાર ઘટતાં વેપારીઓએ બેન્કમાંથી લીધેલી સી.સી. લોનને ફટકો પડવાની દહેશત છે કારણ કે માર્ચ મહિનાથી ટર્નઓવર જ ઠપ્પ થઈ ગયું છે. ટર્નઓવરના આધારે બેન્કોમાં વેપારીની શાખ બંધાતી હોય છે. જિલ્લાના મોટા વેપારીઓના જણાવ્યા અનુસાર અનલૉક પછી પણ માંડ ૪૦ ટકા ધંધો છે.

જિલ્લાના સાઠંબા થી ખેરોજ સુધીના પટ્ટામાં મોટાભાગના શોપીંગ સેન્ટરોમાં દુકાનોને ખંભાતી તાળાં લાગ્યાં છે. અનેક દુકાનદારો ધંધા ચોપાટ થઈ જતાં ભાડાં ચૂકવી શક્યા નથી. કેટલાકને ભાડાનું ભારણ વધી જતાં દુકાન માલિક પહેલાં ભાડુ આપો પછી દુકાનો ખોલો, અમારે પણ પરિવાર છે તેમ જણાવી રહ્યા છે. એક અંદાજ અનુસાર સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં માર્ચ થી ઑગષ્ટના ત્રીજા સપ્તાહ સુધીમાં નાના-મોટા ૨૫૦૦થી વધુ વેપારીઓએ ધંધાનો સંકેલો કરી લીધો છે. કેટલાક શાકભાજી વેચે છે તો કેટલાક દુકાન બંધ કરીને પગારદારની નોકરી શોધી લીધી છે. જે વેપારીઓના ધંધા માર્ચ અગાઉ ધમધમતા હતા તેમને પણ મોટો ફટકો પડ્યો છે. એક રીતે વેપારીઓની પીડા ખુદ વેપારીઓ વર્ણવી શકવાની સ્થિતિમાં નથી. આત્મનિર્ભર લોન યોજનાની સહાય વેપારીઓને તાબડતોબ આપવામાં આવે તો અનેક વેપારીઓ દેવાના બોજ હેઠળથી બહાર આવશે અન્યથા દિવાળી પછી સ્થિતિ વધુ વિકટ બનવાની પૂરી સંભાવના છે. બાયડ, ધનસુરા, મોડાસામાં જ એક અંદાજ અનુસાર પાછલા ૪ મહિનામાં ૫૦૦થી વધુ વેપારીઓએ ધંધાનાં શટર પાડી દીધાં છે. ધંધાનાં શટર પડ્યા પછી ઉઘરાણીકારો તેમના ઘર સુધી આંટા ફેરા મારતા જોવા મળે છે.




# ઉત્તર ગુજરાતમાં જન્માષ્ટમી પર્વનો પ્રારંભ, કોરોનાના કારણે પર્વમાં ફિકાશ

## આવતી કાલે નાગપાંચમ : નાગદેવતા ક્યારેય દૂધ પીતા નથી..!! અંધશ્રદ્ધા દૂર કરો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫
કોરોનાની મહામારી વચ્ચે ઉત્તર ગુજરાતમાં જન્માષ્ટમી પર્વનો આજે ગુરૂવારથી પ્રારંભ થયો છે. કોરોનાના કારણે ધંધા-રોજગાર બેહાલ છે. ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદની ખેંચ છે જેના કારણે જન્માષ્ટમી પર્વનો ઉત્સાહ ફિક્કો જણાય છે. આજે શુક્રવારે નાગપાંચમ હોવાથી કુલરની લાડુ અને શ્રીફળનું નૈવેદ્ય ધરાવાશે. નાગપાંચમના દિવસે અનેક વિસ્તારોમાં નાગને દૂધ પીવડાવવાની પ્રથા છે આ પ્રકારની અંધશ્રદ્ધાને દૂર કરવા માટે વગડો ચેરીટેબલ ટ્રસ્ટ-સાઠંબા એક કદમ આગળ વધી અંધશ્રદ્ધા દૂર કરવાના ગામડાંમાં જઈને પ્રયાસ શરૂ કર્યા છે.

જન્માષ્ટમી પર્વનો આરંભ થયો ત્યારે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા જિલ્લાના બજારોમાં ઘરાકી અદ્રશ્ય થઈ જેવા દ્રશ્યો છે. આવતી કાલે નાગપાંચમના દિવસે નાગ દેવતાની પૂંજા કરવાની પરંપરા અનેક લોકો જાળવી રાખશે. જ્યારે શનિવારે રાંધણછઠ્ઠ હોવાથી મહિલાઓ રસોડામાં જ પોતાનો સમય વિતાવશે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શીતળા માતાના મંદિરો આવેલા છે અને કેટલાક વિસ્તારોમાં તો શ્રદ્ધાળુ મહિલાઓ પોતાના ઘર આગળ પાટલા ઉપર શીતળા માતાનું સ્થાપન કરી સમૂહમાં મહિલાઓ પૂંજન કરી વાર્તા સંભળાવતી હોય છે. જ્યારે તા.૩૦ ઑગષ્ટે જન્માષ્ટમી હોવાથી પાંચેય જિલ્લામાં કૃષ્ણ જન્મોત્સવ ઉજવવા માટે મોટા ભાગે મંદિરો બંધ હોવાથી કૃષ્ણ ભક્તો નિરાશ થયા છે.




**ઇડર તાલુકાના સીયાસણ ગામે ઘરેલુ હિંસા અટકાવવા મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજાયો**

ઈડર તાલુકાના સીયાસણ ગામે હિંમતનગર મહિલા સહાયતા કેન્દ્ર ધ્વારા ઘરેલુ હિંસા અટકાવવા તેમજ તેનુ નિવારણ લાવવા માટે મહિલા જાગૃતિ તથા મહિલા હેલ્પલાઈન ૧ ૮ ૧ પર મહિલાઓને મદદ મળી રહેછે તે માટે મુડેટી આઉટપોસ્ટ ધ્વારા મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમમા હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.ડી.ચૌહાણ તથા મુડેટી આઉટ પોસ્ટ જમાદાર મહેશભાઈ પોલીસ સ્ટાફ સાથે હાજર રહિ આદિજાતી વિસ્તારમાં ઘરેલુ હિંસા અટકે તે બાબતે મહિલાઓમાં જાગૃતિ લાવવા પોલીસ ધ્વારા મળતી સહાયતા અંગેની માહિતિ આ વિસ્તારની મહિલાઓને આપવામાં આવી હતી આ કાર્યક્રમમા ગામના અગ્રણીઓ મહિલાઓ ઉપસ્થિત રહિ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### રાધનપુર તાલુકાના કમાલપુર ગામમાંથી ૨૫ જુગારી ઝડપાયા

રાધનપુર તાલુકાના કમાલપુર ગામ ખાતે કેનાલ નજીક સોમવારે જુગાર રમાતો હોવાની બાતમી આધારે પોલીસે ૫ શકુનીને રોકડ રૂ.૩૯૨૭ સાથે ઝડપી પાડ્યા હતા. જ્યારે શંખેશ્વર તાલુકાના રતનપુરા ખાતે બાતમી આધારે પોલીસે રેડ કરી જુગાર રમતા ૭ શખ્સોને રોકડ રૂ.૬૦૨૦,૩ મોબાઈલ તથા બાઈક મળી કુલ રૂ.૪૨૫૨૦ સાથે ૪ શકુનીઓ ઝડપાયા હતા. જ્યારે સમી તાલુકાના ગોધાણા ગામ બાતમી આધારે રવિવારે રાત્રે છ શકુનીઓને રોકડ રૂ.૨૦૭૦૦ સાથે ઝડપી પાડ્યા હતા. જ્યારે સમી તાલુકાના વાવલ ગામે જુગાર રમતા ૫ શકુનીઓને રોકડ રૂ.૪૩૦૦ સાથે ઝડપાયા હતા. જ્યારે સાંતલપુર તાલુકાના ચારણકા ગામે રહેતા લાઈટના અજવાળે જુગાર રમતા ૫ શકુનીઓને રોકડ રૂ.૫૨૭૦ તેમજ ૩ મોબાઈલ મળી કુલ રૂ.૧૨૨૭૦ સાથે તમામ શકુનીઓને ઝડપ્યા હતા.

# જિલ્લામાં જળસંકટ સાથે વાગતાં દુષ્કાળનાં ડાકલાં..!!

## ૩.૮૯ લાખ હેક્ટર વાવેતર ઉપર ખતરો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદ ખેંચાતાં જળ સંકટ સાથે હવે દુષ્કાળનાં ડાકલાં વાગતાં હોય તેવી સ્થિતિ પેદા થવા જઈ રહી છે. ટૂંક સમયમાં સાર્વત્રિક વરસાદ નહીં વરસે તો બંન્ને જિલ્લામાં પીવાના પાણીની ગંભીર સમસ્યા ઉભી થવાની સાથે કુલ-૩.૮૯ લાખ હેક્ટર વાવેતર ઉપર ખતરો ઉભો થયો છે. ખેતી મૂંરઝાતી હોવાથી વરસાદની તાતી જરૂરીયાત છે પરંતુ વરસાદનાં કોઈ ચિન્હો દેખાતાં ન હોવાથી ખેડૂતો ઘેરી ચિંતામાં સરી પડ્યા છે. જ્યારે જિલ્લામાં મોટા જળાશયોનાં તળીયાં દેખાયાં છે તે સ્થિતિમાં ૩૦ ટકાથી વધુ પાણી સંગ્રહીત છે તેવા વાત્રક, માઝૂમ, હાથમતી અને મેશ્વો ડેમમાંથી સિંચાઈનાં પાણી આપવા માટે માંગ ઉઠી છે.

એક પછી એક હવામાન વિભાગની આગાહીઓ ખોટી પડતાં પ્રજા અને ખેડૂતોનો આધુનિક વિજ્ઞાન ઉપરથી ભરોસો ઉઠી ગયો છે. ચોમાસાના પ્રારંભે ઓણસાલ ચોમાસુ સારૂ હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી જેમાં પ્રારંભ સમયે જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં વાવણી લાયક વરસાદ વરસતાં ખેડૂતોએ વાવેતર કર્યું પરંતુ ત્યારબાદ વરસાદે હાથતાળી આપી છે. આકાશમાં વાદળો ગોરંભાય છે પરંતુ વરસતા નથી. જ્યારે સક્રીય થયેલી ચોમાસુ સીસ્ટમ રાજસ્થાન તરફ ફંટાયા પછી હમણાં ૫ દિવસ સુધી વરસાદ વરસે તેવી કોઈ સ્થિતિ ન હોવાની આગાહીથી ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ભરચોમાસે પીવાના પાણીનું સંકટ ઉભું થવા જઈ રહ્યું છે. નદી, તળાવ, ચેકડેમ ખાલીખમ રહ્યાં છે જેના કારણે આગામી સમયમાં જળ સંકટ સાથે દુષ્કાળની આશંકા માત્રથી પ્રજા અને ખેડૂતો ફફડી ઉઠ્યા છે. વહીવટી તંત્ર દ્વારા વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખી આગોતરૂ આયોજન કરવામાં નહીં આવે તો સ્થિતિ સ્ફોટક બની શકે છે. જિલ્લામાં વરસાદના અભાવે ૩.૮૯ લાખ હેક્ટરમાં થયેલ ખરીફ વાવેતર મૂંરઝાય તેવી સ્થિતિ હોવાથી જળાશયોમાંથી પાણી છોડવા માટે પણ ખેડૂતો માંગ કરી રહ્યા છે.



**બાયડ ડેપોના કર્મચારીની પ્રમાણિકતા**

બાયડ ડેપોની બસ નંબર Gj-18-Z-3966 જે 'અમદાવાદ થી ડેમાઈ' રૂટમાં હતી. તે દરમ્યાન ડ્રાયવર કમ કંન્ડક્ટર બેજ નંબર ૩૨૭/૩૬૫ની ફરજ હતી તે દરમ્યાન એક મુસાફર નામ પરમાર પ્રકાશભાઈનો ૧૧,૦૦૦/- સેમસંગ મોબાઈલ પડી ગયો હતો ત્યારે બસના ડ્રાયવર કમ કંન્ડક્ટરને મળી આવતા તે મુસાફરને શોધી બાયડ ડેપો મેનેજરશ્રીના હાથે આપ્યો હતો.

# પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય સભાની બેઠક સ્વર્ણિમ હોલ ખાતે મળી

પાટણ, તા.૨૫
પાટણ જિલ્લા પંચાયત જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની એક જ કેમ્પસમાં ચાલતી કુમાર કન્યા શાળાઓને મર્જ કરવા ઠરાવ કરવામાં આવેલ હતો. આ સિવાય જિલ્લા પંચાયતના સામાન્ય તમામ પ્રકારનો કામો ઉપર નિર્ણય લેવામાં આવેલ હતો. જિલ્લા પંચાયતની મળેલી આ સામાન્ય સભાની શરૂઆતમાં વિપક્ષના નેતા અશ્વીન પટેલે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, અધિકારીઓ મોટા ભાગના તૈયારીઓ વીના જ સામાન્ય સભામાં આવતાં હોય છે જેનાં કારણે કોઈ પણ સમસ્યાને પ્રજા સમક્ષ લઈ જવામાં તકલીફો ઉભી થતી હોવાનો બળાપો વ્યક્ત કર્યો હતો સાથે સાથે શિક્ષણ અને આરોગ્યની બાબતે તેઓએ શાશક પક્ષને આડેહાથ લીધા હતા. સામાજિક ન્યાય સમિતિ ને રૂ.૧૫ લાખ ફાળવવાના મુદ્દા ને તેમજ ૧૫માં નાણાં પંચની રૂ ૮ કરોડની ગ્રાન્ટ બાબતે તમામ સભ્યોની સહમિતિ થી વિકાસનાં કામો મુકવા અને પાટણ જિલ્લામાં આવેલી જૈવિક કમિટીનાં કામ માટે બનાવામાં આવનાર કમિટી બાબતે પંચાયતમાં ઠરાવ ન હોવાનું જણાવી કુલ ત્રણ કામોને વિપક્ષ દ્વારા મુલત્વી રાખવા જણાવતાં ઉપરોક્ત ત્રણેય કામો મુલત્વી રાખવાની ફરજ પડી હતી.પાટણ જિલ્લા પંચાયતની ત્રીજી સામાન્ય સભાની બેઠક મંગળવારના રોજ જિલ્લા પંચાયતનાં સ્વર્ણિમ હોલ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ ભાનુમતી મકવાણાનાં અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં મહત્વના એવા ૧૫માં નાણાપંચના કામોના આયોજન બાબતે કામોની પસંદગી અને સરકારની હાલની ગાઈડલાઈન વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને આગામી સમયે જિલ્લાના વિકાસ કામોનું આયોજન ઝડપથી થાય તે માટે સરકારે નકકી કરેલી સમય મર્યાદામાં કામગીરી કરવા સુચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લા પંચાયત ખાતે ઉપલબધ કેન્ટીન છેલ્લા કેટલાય સમયથી બંધ હોય તેને પુનઃચાલુ કરવા અને આ કેન્ટીનનું સંચાલન જિલ્લા પંચાયત વર્ગ -૩ના કર્મચારી મંડળને સોંપવા ઠરાવ કરી મહતવનો નિર્ણય લેવામાં આવેલ હતો. આ બેઠકમાં વિપક્ષના સભ્યો દ્વારા ગુજરાત પંચાયત ધારાની બુકની માંગ કરતાં શાશક પક્ષનાં સભ્યોએ આ મુદ્દાને ઉડાવી દીધો હતો. જિલ્લા પંચાયતની મળેલી આ સામાન્ય સભામાં જિલ્લા પંચાયત પ્રમુખ ભાનુમતી મકવાણા, જિલ્લા વિકાસ અધિકારી રમેશ મેરજા ,નાયબ જિ.વિ.અધી.રીટાબેન પંડ્યા સહિતના અધીકારી, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગામડાઓમાં ગટર લાઈનોની સફાઈ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ જિલ્લા પંચાયતને છેલ્લા એક વર્ષથી આપેલું જેટિંગ મશીન ઉપયોગ વગર ધૂળ ખાઈ રહ્યું છે તે અંગે પસ્તાળ પાડી હતી. જિલ્લા પંચાયતમાં રુદ્ર એજન્સીએ ૪૨ ડ્રાઈવરોના પીપીએફ ના પૈસા પરત આપ્યા નથી અને પગાર પણ સમયસર કરતી ન હોવાથી એજન્સીને બ્લેકલિસ્ટ કરવા વિરોધ પક્ષે માગ કરી હતી. જિલ્લામાં એક જ કેમ્પસમાં ચાલતી કુમાર અને કન્યા શાળાઓ ને મર્જ કરી એક જ શાળા કરવામાં આવે તેવી જિલ્લા પંચાયત પ્રમુખ ભાનુમતિબેનની રજૂઆતને પગલે અધ્યક્ષ સ્થાનેથી ઠરાવ કરાયો હતો. તેમણે સામાજિક ન્યાય નીધિમાં વધારે રૂ.૧૫ લાખની જોગવાઈ કરવા માટે મુદ્દો રજૂ કર્યો હતો પરંતુ તેમાં કયા કામો કરવાના છે અને તેનાથી લોકોને શું ફાયદો થવાનો છે તે નક્કી કર્યા બાદ જોગવાઈ કરવા વિપક્ષે જણાવતાં મુદ્દો મુલત્વી રાખવો પડ્યો હતો. જિલ્લા પંચાયતની સામાન્ય સભા મંગળવારે મળી હતી જેમાં જિલ્લામાં તલાટી કમ મંત્રીઓની ૨૭ ટકા જેટલી ઘટ છે.